VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
(Accredited with B++ Grade by NAAC)
Tele.GRAM : VNSGU Phone : 2227141 to 2227146 Fax No : (0261) 2227312
Email : sgu@sgu.ernet.in website :- www.sgu.ernet.in

# પરિપત્ર

યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, સિન્ડિકેટ તા. ૯–૦૫–૨૦૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૬ અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સ્પોર્ટસ કવોટા પર પ્રવેશ આપવા નીમાયેલ સમિતિએ નીચે મુજબ ઠરાવેલ છે. જેનો અમલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૦૯ થી કરવા જણાવવામાં આવે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાયનાન્સ (સ્વનિર્ભર) અનુસ્નાતક ભવનો તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાયનાન્સ (સ્વનિર્ભર) અનુસ્નાતક કેન્દ્રોમાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ માટે આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, આંતર યુનિવર્સિટી અને રાજય કક્ષાએ રમત ગમત અને / અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને નીચે મુજબ દર્શાવેલ પસંદગીના ક્રમમાં પ્રવેશ આપવાનો રહેશે.

(૧) આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરનાર.
(૨) રમત ગમત અને / અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં વ્યકિતગત રીતે પ્રથમ, દ્વિતિય કે તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર.
(૩) રમત ગમત અને / અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ચેમ્પિયન (પ્રથમ) અને રનર્સઅપ (દ્વિતિય) સ્થાન પ્રાપ્ત કરનાર ટીમનાં સભ્યો.
(૪) રમત ગમત અને / અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિની રાષ્ટ્રીય – આંતર ઝોનલ અને ઝોનલ આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓમાં યુનિવર્સિટી અને / અથવા રાજયનું પ્રતિનિધિત્વ કરનાર.
(૫) રમત ગમત અને / અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રાષ્ટ્રીય અને આંતર યુનિવર્સિટી કક્ષાએ એકથી વધુ વાર પ્રતિનિધિત્વ કરનાર વિદ્યાર્થીને તેના પ્રતિનિધિત્વની સંખ્યાના આધારે પ્રવેશ આપવો.
(૬) રમત ગમત અને / અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વિવિધ સ્પર્ધાઓમાં રાજય કક્ષાએ પ્રથમ, દ્વિતિય કે તૃતીય ક્રમે વ્યકિતગત કે ટીમ સ્વરૂપે વિજેતા થનાર.

અનુસ્નાતક અભ્યાસક્રમમાં ઉપર જણાવ્યા મુજબના અનુસ્નાતક ભવનો કે કેન્દ્રોમાં પ્રવેશ અંગેની વિવિધ અનામતની કેટેગરીમાં કુલ પ્રવેશ સંખ્યાના ત્રણ ટકા (૩ %) પ્રમાણે બેઠકોની ફાળવણી થઈ શકશે તે માટે અલગ અરજી મંગાવી ઉપર દર્શાવ્યા મુજબના પસંદગી ક્રમના આધારે મેરીટ લીસ્ટ બનાવીને વિદ્યાર્થીઓ સાથે કાઉન્સેલીંગ કરી યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી લઈ પ્રવેશ આપવાના રહેશે.

વધુમાં, અનામત કેટેગરીની કુલ ટકાવારી ૪૯ % જેમાં એસ.સી. ૭ %, એસ.ટી. ૧૫ %, બક્ષીપંચ ૨૭ %, ફીઝીકલ હેન્ડીકેપ ૩ % (જે તે કેટેગરીના ફીઝીકલ હેન્ડીકેપ) અને અન્ય ઓપન કેટેગરીમાં ઉપર જણાવેલ આંતર રાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને આંતર યુનિવર્સિટી કક્ષાએ રમત ગમત અને / અથવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પસંદગીના ક્રમને ધ્યાનમાં લઈ ભવન અથવા કેન્દ્ર ઉપર ફાળવેલ કુલ સંખ્યાના ૩ % પ્રમાણે જે તે કેટેગરીમાં બેઠકોની ફાળવણી કરવી અથવા સુપર ન્યુમરરી તરીકે ૩ % મુજબની ફાળવણી થઈ શકશે. જયાં કાઉન્સિલ (Council) આધિન બેઠકો હોય ત્યાં આ ઠરાવ લાગુ પડશે નહી તથા લઘુત્તમ લાયકાતમાં છૂટછાટ મળશે નહી. જેની ખાસ નોંધ લેવી.

<u>નોંધ</u> : પી.જી. એડમીશન રૂલ નં. 6(3)(vii) મુજબ આંતર યુનિવર્સિટી રમતગમત ક્ષેત્રે સંકળાયેલ યુનિવર્સિટીના ખેલાડીઓને ૨ % લેખે વધારાના ગુણનો લાભ પી.જી. ના પ્રવેશ વખતે આપવામાં આવે છે, તે જોગવાઈને રદ ગણવી.

ક્રમાંક : પીજી / પ્રવેશ / સ્પોર્ટસ કવોટા/ ૫૫૮૯ / ૨૦૦૮

તા : ૩–૦૬–૨૦૦૮

(signature)
કુલસચિવ

**નકલ સવિનય રવાના :** ....... જાણ તેમજ ઘટતી કાર્યવાહી માટે...
(૧) યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ
(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૩) યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
(૪) એકેડેમિક વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
(૫) સેનેટ / સિન્ડિકેટ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
(૬) યુ.જી.સી. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત